# સામાજિક વિજ્ઞાન ( આદર્શ પ્રશ્નપત્ર – ધોરણ / 6 )

## Created By – Vijay Mori

સમય: 3 કલાક | કુલ ગુણ: 80

વિદ્યાર્થીનું નામ: ________________________________ શાળાનું નામ: ____________________________

---

**પ્રશ્ન-1** ખાલી જગ્યા પૂરો. **(8)**

**(1)** ભગવાન બુદ્ધે પોતાનો પ્રથમ ઉપદેશ ______ સ્થળે આપ્યો હતો.

**(2)** જૈન ધર્મના **24**મા તીર્થંકર ______ હતા.

**(3)** ગૌતમ બુદ્ધના પિતાનું નામ ______ હતું.

**(4)** મહાવીર સ્વામીનો જન્મ ______ ગણરાજ્યના કુંડગ્રામમાં થયો હતો.

**(5)** બૌદ્ધ સાધુઓના નિવાસસ્થાનને ______ કહેવામાં આવે છે.

**(6)** મહાવીર સ્વામીએ પંચમહાવ્રતમાં પાંચમું વ્રત ______ ઉમેર્યું હતું.

**(7)** બુદ્ધ અને મહાવીર બંનેએ ______ ભાષામાં લોકઉપદેશ આપ્યો હતો.

**(8)** જૈન ધર્મના પવિત્ર ગ્રંથોને ______ કહેવામાં આવે છે.

**પ્રશ્ન-2** (અ) નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. **(8)**

**(1)** મૌર્ય વંશની સ્થાપના કોણે કરી હતી?

**(2)** ચાણક્ય દ્વારા લખાયેલ કયું પુસ્તક વહીવટીતંત્રની માહિતી આપે છે?

**(3)** કયા યુદ્ધ પછી સમ્રાટ અશોકનું હૃદય પરિવર્તન થયું?

**(4)** અશોકે બૌદ્ધ ધર્મના પ્રચાર માટે પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રાને ક્યાં મોકલ્યા હતા?

**(5)** મૌર્યકાળમાં ખેતી વિભાગના વડાને શું કહેવામાં આવતું?

**(6)** બિંદુસારે વિદ્રોહ દબાવવા માટે અશોકને કયા પ્રદેશમાં મોકલ્યો હતો?

**(7)** ગુજરાતમાં અશોકનો શિલાલેખ કયા શહેરમાં આવેલો છે?

**(8)** મેગેસ્થનીઝ કોનો રાજદૂત હતો?

પ્રશ્ન-2 (બ) નીચે આપેલ પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (6)

(1) ગુપ્ત યુગને ભારતનો 'સુવર્ણયુગ' શા માટે કહેવામાં આવે છે?

(2) સમુદ્રગુપ્તની સિદ્ધિઓ જણાવો.

(3) હર્ષવર્ધન દ્વારા લખાયેલ કોઈપણ બે નાટકોના નામ લખો.

પ્રશ્ન-3 નીચે આપેલ વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. (6)

(1) મહાભારતની રચના વેદવ્યાસે કરી હતી.

(2) આર્યભટ્ટે શૂન્યની શોધ કરી હતી.

(3) અજંતાની ગુફાઓ માત્ર જૈન ધર્મ સાથે સંકળાયેલી છે.

(4) ફાહિયાન હર્ષવર્ધનના સમયમાં ભારત આવ્યો હતો.

(5) વરાહમિહિરે 'બૃહદસંહિતા' નામનો ગ્રંથ લખ્યો હતો.

(6) દક્ષિણ ભારતના સાહિત્યને 'સંગમ સાહિત્ય' કહેવાય છે.

પ્રશ્ન-4 નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપો. (કોઈપણ ત્રણ) (6)

(1) મથુરા કલાશૈલી વિશે બે-ત્રણ વાક્યો લખો.

(2) લોથલ બંદરની વિશેષતાઓ શું હતી?

(3) સ્તૂપ અને ચૈત્ય વચ્ચેનો તફાવત જણાવો.

(4) પ્રાચીન ભારતમાં શિક્ષણનું મહત્વ સમજાવો.

પ્રશ્ન-5 (અ) નીચે આપેલ પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (કોઈપણ પાંચ) (10)

(1) સંકલ્પના સમજાવો: ટાપુ

(2) ગેડ પર્વત એટલે શું? ઉદાહરણ આપો.

(3) ઉચ્ચપ્રદેશ અને મેદાન વચ્ચેનો તફાવત લખો.

(4) પર્વતોના પ્રકારોના નામ આપો.

(5) મેદાનોનું નિર્માણ કેવી રીતે થાય છે?

(6) પર્વતો માનવજીવનને કેવી રીતે ઉપયોગી છે?

પ્રશ્ન-5 (બ) ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો દર્શાવો. (6)

(1) અરબ સાગર (2) અંદામાન અને નિકોબાર ટાપુઓ

(3) નર્મદા નદી (4) થરનું રણ

(5) ગંગાનું મેદાન (6) નીલગિરી પર્વતમાળા

પ્રશ્ન-6 ટૂંકનોંધ લખો. (કોઈપણ બે) (6)

(1) પર્વતોનું મહત્વ.

(2) ભારતના ટાપુ સમૂહો.

(3) નકશાના અંગો.

પ્રશ્ન-7 નીચે આપેલ પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. (કોઈપણ ત્રણ) (9)

(1) જિલ્લા પંચાયતની રચના અને તેના કાર્યો જણાવો.

(2) મહાનગરપાલિકાના આવકના સાધનો કયા કયા છે?

(3) સામાજિક ન્યાય સમિતિનું મહત્વ સમજાવો.

(4) લોકશાહીમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ભૂમિકા.

પ્રશ્ન-8 યોગ્ય જોડકાં જોડો. (5)

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| (1) ગ્રામ પંચાયતના વહીવટી વડા | (A) કલેક્ટર |
| (2) નગરપાલિકાના વડા | (B) તલાટી-કમ-મંત્રી |
| (3) જિલ્લાના વહીવટી વડા | (C) પ્રમુખ |
| (4) ગ્રામસભાના અધ્યક્ષ | (D) સરપંચ |
| (5) મહાનગરપાલિકાના વહીવટી વડા | (E) મ્યુનિસિપલ કમિશનર |

પ્રશ્ન-9 નીચે આપેલ પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (કોઈપણ પાંચ) (10)

(1) શહેરમાં લોકો કયા કયા વ્યવસાયો દ્વારા જીવનનિર્વાહ કરે છે?

(2) સંકલ્પના સમજાવો: સ્વરોજગાર.

**(3)** ખેતમજૂરોને વર્ષના કયા સમયે કામ મળતું નથી?

**(4)** છૂટક વેપારી અને જથ્થાબંધ વેપારી વચ્ચેનો તફાવત શું છે?

**(5)** પશુપાલન જીવનનિર્વાહમાં કેવી રીતે મદદરૂપ થાય છે?

**(6)** તમારા ગામમાં થતી મુખ્ય આર્થિક પ્રવૃત્તિઓ કઈ કઈ છે?

-------------------------------------------------------------------------------------------------------------------------------------------

==============================================================================

# Created by – Vijay Mori